નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર

ચ-૩ સર્કલ, સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર -૩૮૨૦૧૦

ફોન: ૦૭૯-૨૩૨૫૪૪૫૦ ફેકસ: ૦૭૯-૨૩૨૫૪૧૪૧

ક્રમાંક: નરચો નં. ૯૩ (પાલ-પાલનપોર-ભાઠા)/કલમ ૪૧(૧)/હદ પરામર્શ/૪૪૮૯ તા. ૨૫/૧૧/૨૦૨૨

પ્રતિ,

કમિશ્નરશ્રી

સુરત મહાનગરપાલિકા,

સુરત.

વિષય:- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૯૩ (પાલ-પાલનપોર-ભાઠા)બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત.

સંદર્ભ:- કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતના તા.૧૫/૧૦/૨૦૨૨ ના પત્ર નં. ટીપીડી/આ/૩૧૨૭.

શ્રીમાન,

ઉપરોકત વિષયે આપશ્રી દ્ધારા સંદર્ભ હેઠળના પત્રથી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારના મોજે;પાલ, પાલનપોર, ભાઠા જીલ્લો.સુરતમાં સુચિત નગર રચના યોજના નં.૯૩ (પાલ-પાલનપોર-ભાઠા)ની હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ હદ પરત્વે પરામર્શ મેળવવા દરખાસ્ત અત્રેને પાઠવેલ છે. જેને નીચે જણાવેલ શરતોને આધીન હદ પરામર્શ આપવામાં આવે છે.

૧. સૂચિત મુ.ન.ર.યો ની લાગુમાં આવતી નગર રચના યોજનાની હદો સુસંગત થાય તે મુજબ ચકાસણી કરી હદ સૂચવવાની રહેશે અને હદ ફેર થતો હોય તો અત્રેનો પુન:પરામર્શ મેળવવાનો રહેશે.

૨. સૂચિત નગર રચના યોજનામાં આવતાં હયાત તળાવ તેમજ જળપ્રવાહને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેનાં મૂળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે .

૩. સૂચિત નગર રચના યોજનામાંથી પસાર થતાં વિકાસ યોજનાનાં રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાનાં રહેશે.

૪. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાનાં તેમજ નગર રચના યોજનાની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોકસાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે. તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.

૫. વિકાસ યોજનાનાં જે તે ઝોનમાં/જે તે ગામમાં સમાવિષ્ટ મૂળખંડ તે જ ઝોન/ગામમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે .

૬. સૂચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોને જેમ સમાન ધોરણે કપાત કરી,તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી બાબતે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરચ-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

આ સાથે રજુ કરેલ નકશામાં સહી/સિક્કા કરી આપેલ છે.

**બિડાણ - ઉપર મુજબ**

**મુખ્ય નગર નિયોજક**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**નકલ રવાના પ્રતિ**

નગર નિયોજકશ્રી, શાખા કચેરી, સુરત તરફે બિડાણ સહ જાણ સારૂ.